આંક :–___

–: નમુનો–અ :–

જૂનાગઢના મહે. અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટ સમક્ષ, જિ. જૂનાગઢ.

ચૂકાદાની તા.૩૧/૧૨/૨૦૨૫
ફોજદારી કેસ નં.૨૮૬૯/૨૦૨૨

ગુન્હાની વિગત

ગુન્હાની કલમ	ધ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮.
પ્રથમ માહિતી અહેવાલ નં.	ખાનગી ફરિયાદ છે.
પોલીસ સ્ટેશન	––
ફરિયાદ પક્ષ	**અજીમ હબીબભાઈ ઓડેદરા,** ઉ.વ.આ. ૨૮, ધંધો–વેપાર, રહેવાસી : કોહિનુર એપાર્ટમેન્ટ, બ્લોક નં.૩૦૨, સરદારબાગ, જૂનાગઢ.
ફરિયાદ પક્ષ તરફે	વિ.વકીલશ્રી એસ. એ. શેખ.
આરોપી પક્ષ	**અયાઝ હુસેનભાઈ લાખાણી,** ઉ.વ.આ. ૨૭, ધંધો–વેપાર, રહેવાસી : ૩૦૫, સાબરીન સોસાયટી, ફાર્મસીની પાછળ, જોષીપરા, જૂનાગઢ.
આરોપી તરફે	વિ.વકીલશ્રી એ. એમ. મકરાણી.

–:નમુનો–બ:–

ગુન્હાની તારીખ	––

પ્રથમ માહિતી અહેવાલની તારીખ	ખાનગી ફરિયાદ છે.
ચાર્જશીટની તારીખ	--
તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ	૧૮/૦૬/૨૦૨૨
પુરાવો શરૂ થયાની તારીખ	--
ચૂકાદો મુલ્તવી રાખ્યાની તારીખ	૩૧/૧૨/૨૦૨૫
ચૂકાદાની તારીખ	૩૧/૧૨/૨૦૨૫
સજા હુકમની તારીખ (લાગુ પડે તો)	૩૧/૧૨/૨૦૨૫

-: આરોપીની વિગત :-

ક્રમ	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન મુકત તારીખ	તહોમત	શું નિર્દોષ/દોષિત	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ
૧	**અયાઝ હુસેનભાઈ લાખાણી**	--	--	ધ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮	દોષિત	એક વર્ષની સાદી કેદ	--

-: નમુનો-ક :-

: સાહેદોનું લીસ્ટ: :

અ. ફરિયાદ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર

પી.૧	૫	અજીમ હબીબભાઈ ઓડેદરા	ફરિયાદી

:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

અ. ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
ડી.૧	૧૨	તા.૨૮/૦૫/૨૦૧ ના સમજુતી કરારની ઝેરોક્ષ નકલ.
ડી.૨	૧૩	ફરિયાદ વાળો યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, સુખપુર શાખાનો તા.૨૬/૧૧/૨૦૨૧ નો રૂા.૩,૭૭,૦૦૦/– નો અસલ ચેક.
ડી. ૩	૧૪	તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજનો ચેક રીટર્ન મેમો.
ડી. ૪	૧૫	ફરિયાદીએ વકીલ મારફતે તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ આરોપીને આપેલ નોટિસની સ્થળપ્રત.
ડી. ૫	૧૬	રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ.
ડી. ૬	૧૭	નોટિસ મળી ગયા અંગેની પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ.

બ. બચાવ પક્ષ તરફે સાહેદો :

ક્રમ	આંક	નામ	પુરાવાનો પ્રકાર
પી.૧	––	––	––

:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::

બ. બચાવ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :

ક્રમ	આંક	વિગત
ડી.૧	––	––

–:: ચૂકાદો ::–

ફરિયાદ પક્ષનો કેસ :–

(૧) ફરિયાદીના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જૂનાગઢ મુકામે રહે છે અને વેપાર ધંધો કરે છે અને ફરિયાદીના જ્ઞાતિના છે અને ફરિયાદી તથા આરોપી જુના મિત્રો થાય છે. આરોપીએ પોતાના ધંધા માટે રૂપિયાની જરૂરીયાત હોય ફરિયાદી પાસે રૂા.૩,૭૭,૦૦૦/- ની માંગણી કરેલ જેથી ફરિયાદીએ આરોપીની વાત ઉપર વિશ્વાસ રાખી બચતની મુડીમાંથી મિત્રતાના સંબંધના દાવે પાંચ માસ માટે રૂા.૩,૭૭,૦૦૦/- હાથ ઉછીના વગર વ્યાજે આપેલા, જે અંગેનું રૂા.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી રૂબરૂ લખાણ થયેલ છે. પાંચ માસ બાદ ફરિયાદીના કાયદેસરના વસૂલ થઈ શકે તેવા લેણા રૂપિયાની ઉઘરાણી આરોપી પાસે કરતા આરોપીએ તેમની બેન્ક યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા, સુખપુર જૂનાગઢના એકાઉન્ટ નં.૭૩૦૯૦૨૦૧ ૦૦૦૦૨૩૩૨ નો ચેક નં.૦૨૫૯૮૭, રૂા.૩,૭૭,૦૦૦/- નો તા.૨૬/૧૧/૨૧ નો આપેલ અને વચન અને વિશ્વાસ આપેલ કે સદરહુ ચેક મુદત તારીખે ખાતામાં જમા કરાવવાથી લેણી રકમ વસૂલ મળી જશે જેથી આરોપીના વચન અને વિશ્વાસ ઉપર ભરોસો રાખી સદરહુ ચેકનો ફરિયાદીએ સ્વીકાર કરેલો. આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેઓની બેન્ક કોટક મહીન્દ્રા બેન્ક લીમીટેડ, જૂનાગઢમાં એકાઉન્ટ નં.૯૩૪૫૮૬૯૯૨૧ માં તા.૧૨/૦૧/૨૨ ના રોજ જમા કરાવતા ચેક તા.૧૨/૦૧/૨૨૨ ના રોજ એકાઉન્ટ બ્લોકના શેરાથી અન પેઈડ રીટર્ન થયેલ છે. ચેક રીટર્ન થતા ફરિયાદીએ વકીલ મારફત તા.૧૦/૦૨/૨૨ ના રોજ રજી.એ.ડી.થી આરોપીના જેન્યુન સરનામે આપેલ, જે નોટિસ આરોપીને તા.૧૧/૦૨/૨૨ ના રોજ બજી ગયેલ છે. નોટિસ બજી જવા છતાં કોઈ રકમ આપેલ ન હોય તેમજ નોટિસનો જવાબ પણ આપેલ ન હોય જેથી હાલની ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરેલ છે. આરોપીએ આપેલ ચેક જૂનાગઢ મુકામે રીટર્ન થયેલ હોય હાલની ફરિયાદ ચલાવવા નામદાર અદાલતને હકૂમત છે. ફરિયાદીએ આરોપી સામે આ અગાઉ પણ ચાર ફરિયાદ દાખલ કરેલ છે. જેથી

હાલની ફરિયાદ લાવી આરોપી સામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮, ૧૪૨ નીચે ધારાસર ફરિયાદ દાખલ કરી સખતમાં સખત સજા અને બે ગણો દંડ કરવા તેમજ આરોપીના ગુનાહિત કૃત્યથી ફરિયાદીને થયેલ નાણાંકિય નુકશાનનું વળતર અપાવવા અરજ કરેલ છે.

આરોપીની હાજરી અને પ્લી :–

(૨) આરોપીને સમન્સ બજતા આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૭ મુજબ ફરિયાદ અને તેની સાથેના પેપર્સની નકલ પુરી પાડયા બાદ આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૧ મુજબ આંક–૮ થી તા.૧૮/૦૬/૨૦૨૨ ના રોજ પ્લી રેકર્ડ કરવામાં આવેલ. આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–

(૩) ફરિયાદીએ તેઓની ફરિયાદના સર્મથનમાં નમુના 'ક' (અ) મુજબના મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. સદર કામે ત્યારબાદ ફરિયાદીએ વિશેષ કોઈ પુરાવો રજુ નહીં કરતા ફરિયાદીનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૪) **બચાવ પક્ષ ધ્વારા રજુ પુરાવો :–** બચાવ પક્ષે પોતાના બચાવના સમર્થનમાં કોઈ મૌખિક પુરાવાઓ તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ નથી.

(૫) **ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન :–**

આ કામે પુરાવાના અંતે આરોપીનું ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો

અને જાતે સોગંદ ઉપર જુબાની આપવાનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, કહેવાતો ગુનો તેઓએ કયારેય કરેલ ન હોય, તેઓ વિરૂધ્ધ ખોટી ફરિયાદ કરવામાં આવેલ છે, જેથી ન્યાયના હિતમાં તેઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવા અરજ છે.

(૬) <u>**દલીલો :-**</u>

(૬.૧) સદર કામે ફરિયાદ પક્ષે તેઓના વિ.વકીલશ્રી એસ. એ. શેખ અને આરોપી તરફે વિ.વકીલશ્રી એ. એમ. મકરાણીની મૌખિક દલીલો સાંભળી.

(૭) પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો અને રેકર્ડ ઉપરનો પુરાવો દયાને લેતા આ કેસના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

<u>**-:: મુ દા ઓ ::-**</u>

૧. શું ફરિયાદી સાબિત કરે છે કે, આરોપીએ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, સુખપુર શાખાનો ચેક નં.૦૨૫૯૮૭ નો તા.૨૬/૧૧/૨૦૨૧ નો રૂા.૩,૭૭,૦૦૦/- નો તેઓની સહી કરી ચેક આપેલ, જે ચેક એકાઉન્ટ બ્લોકડના શેરા સાથે પરત ફરેલ જેથી ફરિયાદીએ આરોપીને નોટિસ આપેલ, જે નોટિસ મળી જવા છતાં ચેક મુજબની રકમ નહીં ચૂકવીને આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ સજાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાના મારા નિર્ણયો તેના કારણો સહિત નીચે મુજબ છે.

૧. **હકારમાં.**

૨. **આખરી હુકમ મુજબ.**

<u>**-:: કા ર ણો ::-**</u>

મુદા નં.(૧) તથા (૨) :–

(૯) વટાઉખત અધિનિયમ અંતર્ગતના ગુના માટે જરૂરી તત્વો અને કાયદાના મુળભુત સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે આરોપી વિરૂધ્ધના ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો શિક્ષાપાત્ર કૃત્ય કરેલ તે મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ હોય ત્યારે ફરિયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ પુરાવાથી નીચે જણાવ્યા મુજબના તત્વો પુરવાર કરવા જરૂરી છે.

(એ) રીટર્ન થયેલ ચેક આરોપી ધ્વારા નિભાવવામાં આવતા કોઈ બેંક ખાતાનો ચેક હોવો જોઈએ.

(બી) આવો કોઈ ચેક કાયદેસર રીતે વસૂલી શકાય તેવા દેવા અથવા જવાબદારીની સંપૂર્ણ કે અંશત: ચૂકવણા માટે આપેલ હોવો જોઈએ.

(સી) આવો ચેક ત્રણ મહિના અથવા વેલીડી પીરીયડ બેમાંથી જે પહેલું હોય તે સમયગાળામાં બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(ડી) આવો ચેક અપુરતા ભંડોળના કારણે કે બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થા કરતા વધુ રકમનો હોવાના કારણે વગર ચૂકવણીએ પરત થયેલ હોવો જોઈએ.

(ઈ) આવો ચેક વગર ચૂકવેલ પરત થયાની બેંક ધ્વારા જાણ કરવામાં આવ્યાના ૩૦ દિવસની અંદર નોટિસ ધ્વારા ચેક લખનારને જાણ કરી ચેકની રકમની જાણ કરવી જોઈએ.

(એફ) આવી રકમની માંગણી કરતી નોટિસ ચેક લખનારને મળ્યાના ૧૫ દિવસમાં ચેક લખનાર ચેકની રકમની ચૂકવણી ન કરે તો તેને એક માસમાં ચેકનો પે અથવા હોલ્ડર ઈન ડયુ કોર્સ હોય તેને ફરિયાદ દાખલ કરેલ હોવી જોઈએ.

(૯.૧) ઉપરોકત પેરામાં જણાવ્યા મુજબ જોગવાઈઓનું પાલન થયેલ છે તે બાબત પુરવાર કરવાની જવાબદારી ફરિયાદ પક્ષ ઉપર છે. સદરહુ તમામ હકીકત પુરવાર કરવા માટે સ્ટાન્ડર્ડ ઓફ પ્રુફ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ફરિયાદમાં જણાવેલ હકીકતો કોઈપણ પ્રકારની શંકાથી પર પુરવાર કરવી જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચૂકાદા **૨૦૦૮(૨) ક્રિમીનલ લો જનરલ ૬૬૩, કે. પ્રકાશન વિરૂધ્ધ પી. કે. સુરેન્દ્ર**ના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિતી અંગેની જોગવાઈ મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબની હકીકતો ફરિયાદીએ નિ:શંકપણે સાબિત કરવી જોઈએ. સદરહુ હકીકતોનું સાબિતીનું ધોરણ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ શંકાથી પર હોવું જોઈએ. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ થી કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન પુરવાર થયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ થી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ના વૈધાનિક અનુમાન (સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશન) થી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી ઉપર નાખવામાં આવેલ છે, એટલે કે વણચૂકવેલ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર (આરોપી) ઉપર રહે છે. જેથી આરોપી વિરૂધ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે, ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ તે મુજબની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ

આ કામે પડેલ પુરાવા અને કરવામાં આવેલ દલીલને. અનુસંધાને સમગ્ર રેકર્ડ વંચાણે લેતા, આ અદાલતના મંતવ્ય મુજબ તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે ચેક તેની કાયદેસરની સમયમર્યાદામાં બેંકમાં ચૂકવણી અર્થે રજુ થવો જોઈએ, ચેક કાયદેસરના લેણાં અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા ચેક અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે તથા ચેક પરત ફર્યા બાદ નોટિસ આપવામાં આવેલ છે અને તે નોટિસ આરોપીને મળીગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજુ કરવાની જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધીસ આ અદાલત ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે, ચેકના ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઈચ્છતા હોય કે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ. વધુમાં સદર અધિનિયમની કલમ–૧૩૮ અન્વયે શરૂઆતની ઉપરોકત હકીકતો જેવી કે ચેકનું એકઝીકયુશન, ફરિયાદી જ આવા ચેકના પેઈ કે હોલ્ડર ઈન ડયુ કોર્ષ છે જેવી હકીકત ફરિયાદી સાબિત કરે તો અદાલતે આરોપી વિરૂઘ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે. જે અનુમાનો કાયદા ઘ્વારા કરવામાં આવેલ અનુમાનો છે અને તે મુજબના અનુમાન કરવા માટે કોર્ટ કાયદા ઘ્વારા બંધાયેલી છે, પરંતુ તે અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય, તે અનુમાનોનો ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે, જે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના સંભવિત અને માની શકાય તેવા બચાવ રજુ કરી કરવાનો છે. આવો બચાવ રજુ કરવા માટે બચાવ પક્ષે જાતે કોઈ પુરાવો રજુ કરવાની કે સાક્ષી તરીકે જુબાની આપવાની

આવશ્યકતા રહેતી નથી. બચાવ પક્ષે આવો બચાવ ફરિયાદ પક્ષના પુરાવા પરથી શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી કરી શકે છે. સંભવિત બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સૂચનો કરવા તેવો થતો નથી, પરંતુ આવો સંભવિત બચાવ એવી રીતે રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણશકિત વાળો વ્યકિત તે બચાવને સંભવિત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે તેમજ બચાવ પક્ષે જે સૂચનો કરેલ હોય તેના સમર્થનમાં થોડા ઘણા અંશે પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઈએ, પરંતુ સમર્થન કરતા કોઈ આધાર પુરાવા સિવાયના માત્ર સૂચનોને સંભવિત બચાવ માની શકાય નહીં.

Hon'ble Supreme Court in the case of Rangappa v. Sri Mohan (2010) 11 SCC 441, has reiterated and summarised the principles relating to presumptions under Sections 118 and 139 of the NI Act and rebuttal thereof in the following:-

"26. In the light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favors the complainant.

27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonor of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.

28. In the absence of compelling justifications, reverse onus clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under Section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

On the aspects relating to preponderance of probabilities, the accused has to bring on record such facts and such

circumstances which may lead the Court to conclude either that the consideration did not exist or that its non- existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea that the consideration did not exist. This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet mere denial would not fulfill the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act.

Hon'ble Supreme Court has stated the principles in the case of Kumar Exports (supra) as follows:

"20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non- existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of

proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, therefore, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."

Hon'ble Supreme Court in the case of Baslingappa vs. Mudibasappa having -noticed the ratio laid down by the Hon'ble Supreme Court in various cases on Sections 118(a) and 139,

have now summarise the principles enumerated in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 ***imposed an evidentiary burden and not a persuasive burden.***

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તથા નામદાર સુપ્રીમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જો ચેક ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત પુરવાર કરે તો ફરિયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે ચેક દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત: ચૂકવવા માટે આપવામાં આવેલ હતો. અત્રે એ

હકીકત નોંધવી ખૂબ જરૂરી છે કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ ના અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય અને તે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા ધ્વારા અથવા તો એવા સંજોગોનું અસ્તિત્વ રેકર્ડ પર લાવીને કરવાનું રહે છે કે જેના આધારે સામાન્ય સમજશકિત વાળો માણસ એવું માની શકે કે આવો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહીં અથવા તો ફરિયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તિત્વ માની શકાય તેમ નથી, પરંતુ તે ખંડન કરવા માટે આરોપીએ પોતાને સાહેદ તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરિયાદ પક્ષ ધ્વારા રજુ પુરાવાથી પણ કરી શકે છે, જે સિધ્ધાંતને ધ્યાનમાં રાખી હાલના કેસમાં રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવાનું રહે છે.

(૧૦) સદર કામે ફરિયાદી અજીમ હબીબભાઈ ઓડેદરાએ આંક–૫ થી સરતપાસના પુરાવાનું સોગંદનામું રજુ કરી ફરિયાદ હકીકત અનુરૂપ પુરાવો આપેલ હોય પુરાવાનું પુનરાવર્તન કરવાનું ઉચિત જણાતું નથી. સદરહુ ફરિયાદીની બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીએ એ હકીકતનો સ્વીકાર છે કે, તેઓ ધો.૧૦ ધોરણ ભણેલ છે અને સ્ક્રેપ (ભંગાર) નો ધંધો કરે છે અને સ્ક્રેપના ધંધાના હિસાબના ચોપડાઓ નિભાવે છે અને તેઓ ઈન્કમ ટેક્ષ ભરે છે, સને ૨૦૧૮ થી ૨૦૨૧ સુધીના ઈન્કમ ટેક્ષ રીટર્ન ભરેલા છે, આરોપીને આપેલ રકમ તેઓએ તેમના ઈન્કમ ટેક્ષ રીટર્નમાં દર્શાવેલ નથી. રૂપિયા દશ હજારથી વધારે રકમનો વ્યવહાર ચેક ધ્વારા કરવાનો હોય છે તે વાતની તેઓને ખબર નથી. આરોપી મિત્ર થતા હોય જે રીતે તેને ઓળખે છે. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને અને આરોપી વચ્ચે સદર વ્યવહાર

સિવાય પણ અન્ય વ્યવહારો અગાઉ થયેલા છે. આ કામના વ્યવહાર અગાઉ બે મહિના પહેલા આરોપી સાથે રૂા.૫૦,૦૦૦/– નો વ્યવહાર થયેલો. વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે રજુ બેંકનો રીટર્ન મેમો આંક–૧૪ વાળા ડોકયુમેન્ટમાં કોઈ બેંકના અધિકારી કે સ્ટેમ્પ લગાવવામાં આવેલ નથી. તેઓને આંક–૧૭ નો દસ્તાવેજ બતાવવામાં આવતા તે જોઈને નોટિસની બજવણી તા.૧૧/૦૨/૨૦૨૩ ના રોજ બજેલ છે. તે નોટિસમાં આરોપીની સહી છે કે કેમ તે વાતની તેઓને ખબર નથી. તે સિવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે. સદર કામે ફરિયાદ પક્ષ ધ્વારા ફરિયાદી સિવાય અન્ય કોઈ સાહેદ તપાસેલ નથી.

(૧૧) આ કામે ફરિયાદ પક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તેમજ ઉભય પક્ષકારોની તમામ રજુઆતો ધ્યાને લેતા આરોપીએ ફરિયાદી પાસેથી પોતાના ધંધા માટે વગર વ્યાજે હાથ ઉછીના રૂા.૩,૭૭,૦૦૦/– મેળવેલ અને જે અંગેનું નોટરી રૂબરૂ લખાણ થયેલ અને સદરહુ રકમની ચૂકવણી કરવા આરોપીએ ફરિયાદ વાળો આંક–૧૩ નો ચેક આરોપીના બેંક ખાતાનો આરોપીની સહીથી ફરિયાદીના નામ જોગ આપવામાં આવેલ. વધુમાં સદરહુ ચેક એકાઉન્ટ બ્લોકના કારણે પરત થયેલ હોવાથી આરોપીને ફરિયાદીએ વકીલ મારફત સ્ટેચ્યુટરી ડીમાન્ડ નોટિસ પાઠવેલ હોવા અંગે કોઈ વિવાદ નથી. વધુમાં નિયત સમયમાં તે ચેકની રકમની પરત ચૂકવણી કરેલ ન હોવાથી ફરિયાદી ધ્વારા સમયમર્યાદામાં હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ હોવા અંગે પણ કોઈ વિવાદ નથી. ચેક તે દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત: ચૂકવણા માટે આપવામાં આવેલ હતો, તે અનુમાન ખંડનાત્મક અનુમાન હોય બચાવ પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા ધ્વારા અથવા તો તેવા સંજોગોનું અસ્તિત્વ રેકર્ડ પર લાવી તે અનુમાનનું ખંડન કરવાનું રહે છે, જેના આધારે સામાન્ય સમજ શકિતવાળો માણસ એવું માની શકે કે આવો ચેક દેવા

કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહીં અથવા તો ફરિયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તિત્વ માની શકાય તેમ નથી, તેવા તમામ સંજોગોમાં ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને ૧૩૯ અન્વયેની જોગવાઈઓ અન્વયે ફરિયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે, તે ચેક તે દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત: ચૂકવણા માટે આપવામાં આવેલ હતો, જે અનુમાન ખંડનાત્મક હોય બચાવ પક્ષ ધ્વારા ખંડનાત્મક પુરાવો રજુ કરી તે અનુમાનનું ખંડન કરવાનું રહે છે. જેથી હાલના કેસમાં આ કામના આરોપી તરફે તેઓના વિરૂધ્ધના અનુમાનનું ખંડનાત્મક પુરાવો રજુ કરી ખંડન કરવામાં આવેલ છે કે કેમ ? તે સૌપ્રથમ જોવું જરૂરી બની રહે છે. હાલના કેસમાં બચાવ પક્ષ ધ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી ત્યારે ફરિયાદમાં જણાવેલ હકીકત ન માવનાને કોઈ કારણ રહેતું નથી. બચાવ પક્ષે માત્ર દલીલ કરેલ છે, પરંતુ પોતાની દલીલના સમર્થનમાં કોઈ આધાર પુરાવો રજુ રાખેલ નથી કે વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ આરોપીના વિશેષ નિવેદનમાં પણ કોઈ બચાવ દર્શાવી શકેલ નથી ત્યારે ફરિયાદીએ સોગંદ ઉપર જણાવેલ હકીકતો ન માનવાને કોઈ કારણ રહેતું નથી. માત્ર દલીલ કરવાથી બચાવ પક્ષનો કેસ માની શકાય નહીં.

(૧૨) આ કામે જયારે ચેક ધારક ચેક આરોપીના ખાતાનો હોવાનું, ચેક પર આરોપીની સહી હોવાનું અને જે વ્યવહાર માટે ચેક આપવામાં આવેલ હોવાનું જણાવે છે તે વ્યવહાર થયો હોવાની શરૂઆતની હકીકત ફરિયાદીએ તેઓના પુરાવાથી પુરવાર કરેલ છે તેમજ તે હકીકતોને બચાવ પક્ષે પડકારેલ નથી ત્યારે તકરારી ચેકમાં આરોપીની સહી હોય તેમજ ડીમાન્ડ નોટિસની હકીકત પણ બચાવ પક્ષે પડકારેલ નથી તેવા સંજોગોમાં ફરિયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે, ચેક દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત:

ચૂકવવા માટે આપવામાં આવેલ હતો. અત્રે એ હકીકત નોંધવી ખૂબ જરૂરી છે કે, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના અનુમાનો ખંડનાત્મક અનુમાનો હોય અને તે અનુમાનોનું ખંડન બચાવ પક્ષે પોતાના માની શકાય તેવા પુરાવા ધ્વારા અથવા તો એવા સંજોગોનું અસ્તિત્વ રેકર્ડ ઉપર લાવીને કરવાનું રહે છે કે જેના આધારે સામાન્ય સમજશકિત વાળો માણસ એવું માની શકે કે, આવો ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ હતો નહીં અથવા તો ફરિયાદી જણાવે છે તેવા વ્યવહાર, દેવા કે જવાબદારીનું અસ્તિત્વ માની શકાય તેમ નથી, પરંતુ તે ખંડન કરવા માટે આરોપીએ પોતાને સાહેદ તરીકે તપાસવાની આવશ્યકતા નથી કે પોતે પુરાવો રજુ કરવાની જરૂર નથી. આરોપી આવા અનુમાનનું ખંડન ફરિયાદ પક્ષ ધ્વારા રજુ જરૂરી પુરાવાથી પણ કરી શકે છે. જેથી આરોપીને તેઓના વિરૂધ્ધના અનુમાનને ખંડનાત્મક પુરાવો રજુ કરી પ્રથમ દર્શનીય રીતે સદરહુ ચેક દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ ન હોય તેવી હકીકત દર્શાવવી જરૂરી છે. જો તેમ કરવામાં આરોપી નિષ્ફળ જાય તો સદરહુ ફરિયાદીની તરફેણમાં કાયદા મુજબનું અનુમાન કરવાનું રહે છે કે, ચેક દેવા કે જવાબદારીના સંપૂર્ણ કે અંશત: ચૂકવવા માટે આપવામાં આવેલ હતો. આ કામે બચાવ પક્ષ તરફે ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે, પરંતુ ફરિયાદથી વિરૂધ્ધની મહત્વની હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે અનુમાનોનું ખંડન થાય તેવો કોઈ પુરાવો રજુ રાખેલ નથી. બચાવ પક્ષ તરફે ફરિયાદી ધ્વારા તેઓના સોગંદ ઉપરના પુરાવામાં ફરિયાદની હકીકતને અનુરૂપ સોગંદ ઉપર પુરાવો આપેલ છે તે હકીકતને ગંભીરતાપૂર્વક પડકારી તેના વિરૂધ્ધની કોઈ હકીકત કે અનુમાનનું ખંડન થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. ફરિયાદીએ તેઓની ફરિયાદ તેમજ સોગંદ ઉપરની સરતપાસમાં સ્પષ્ટ રીતે જણાવેલ છે કે, આરોપીને ધંધા માટે વગર વ્યાજે હાથ ઉછીના આપેલ અને સદરહુ લેણી રકમની ચૂકવણી

કરવા આરોપીએ ફરિયાદ વાળો ચેક લખી આપેલ અને સદરહુ ચેક પરત ફરેલ છે. જે તમામ હકીકતોને બચાવ પક્ષે ગંભીરતાપૂર્વક ઉલટતપાસથી પડકારેલ નથી. વધુમાં ઉલટતપાસની વિગતે આરોપી અને ફરિયાદી વચ્ચે સદર વ્યવહાર સિવાય પણ અન્ય વ્યવહાર અગાઉ થયેલા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. આમ, ફરિયાદી તરફે આરોપીએ હાથ ઉછીની રકમ મેળવેલ અને તે પેટે તકરારી ચેક આપવામાં આવેલ હોય અને જે ચેક પરત ફરતા નોટિસ આપવામાં આવેલ અને સમય મર્યાદામાં રકમની ચૂકવણી ન થતા હાલની ફરિયાદ કરેલ છે. બચાવ પક્ષે આવી કોઈ રકમ હાથ ઉછીની મેળવેલ નથી તેવી હકીકત પડકારેલ નથી. વધુમાં નોટિસ બજી ગયેલ છે તેમ છતાં કોઈ જવાબ આપેલ નથી ત્યારે તે ચેક કાયદેસરના લેણા પેટે આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવાનું રહે છે. તે અનુમાનનું ખંડન થાય તેવો કોઈ વિરૂધ્ધનો પુરાવો બચાવ પક્ષે રજુ કરેલ નથી. તે સિવાય કાયદાકીય અનુમાનનું ખંડન થાય તેવી કોઈ વિરૂધ્ધની હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. બચાવ પક્ષ તરફે માત્ર ફરિયાદની હકીકતનો ઈન્કાર કરેલ હોય અને ડીનાઈલ સ્વરૂપનો પુરાવો રેકર્ડ ઉપર આવતો ન હોય, પરંતુ કાયદાકીય અનુમાનનું ખંડન થાય તેવો કોઈ વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. અત્રે એ હકીકત નોંધવી ખૂબ જરૂરી છે કે, ફોજદારી કાયદાના પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત મુજબ ફરિયાદમાં જણાવેલ હકીકતો કોઈપણ પ્રકાર ની શંકાથી પર પુરવાર કરવી જરૂરી બને છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ચૂકાદા ૨૦૦૮(૨) ક્રિ.લો.જ. ૬૬૩, કે. પ્રકાશન વિરૂધ્ધ પી. કે. સુરેન્દ્રના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિતી અંગેની જોગવાઈ મુજબ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબની હકીકતો ફરિયાદીએ શંકારહિત સાબિત કરવી જોઈએ. સદરહુ હકીકતોનું સાબિતીનું ધોરણ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ શંકાથી પર હોવું જોઈએ.

ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ થી કરવામાં આવેલ જોગવાઈઓનું પાલન પુરવાર થયે કલમ–૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી ફરિયાદીના લાભમાં અનુમાન કરવામાં આવશે તેમ જણાવેલ છે, પરંતુ તેમ છતાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ થી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાની જવાબદારી તથા કલમ–૧૧૮ ના વૈધાનિક અનુમાનથી વિરૂધ્ધની હકીકત સાબિત કરવાની જવાબદારી આરોપી બચાવ પક્ષ ઉપર નાખવામાં આવેલ છે, એટલે કે, વણચૂકવેલ પરત આવેલ ચેક કાયદેસરની જવાબદારી કે દેવા પેટેનો ન હતો તે પુરવાર કરવાનો બોજો ચેક લખી આપનાર ઉપર રહે છે. જેથી આરોપી વિરૂધ્ધનો પુરાવો જયાં સુધી રજુ ન કરે એટલે કે ખંડનાત્મક પુરાવો રજુ ન કરે ત્યાં સુધી આરોપી વિરૂધ્ધનું અનુમાન અદાલતે કરવું જોઈએ તે મુજબની કાયદાકીય જોગવાઈ હોય હાલના કેસમાં પણ ફરિયાદીની બચાવ પક્ષ તરફે ઉલટતપાસ કરી કાયદાકીય અનુમાનનું ખંડન થાય તેવો કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ રાખેલ નથી. માત્ર આક્ષેપોને ડીનાઈલ કરેલ હોય જેનાથી આવા અનુમાનનું ખંડન થઈ શકે નહીં તેવા સંજોગોમાં તકરારી ચેક લેણા પેટે આપવામાં આવેલ હતો તેવું આરોપી વિરૂધ્ધ અનુમાન કરવાનું રહે છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં જણાવવામાં આવેલ જોગવાઈઓ મુજબની હકીકતો એટલે કે ચેક તેની કાયદેસરની સમય મર્યાદામાં બેંકમાં ચૂકવણી અર્થે રજુ થવો જોઈએ, તેમજ ચેક કાયદેસરના લેણા અથવા જવાબદારી પેટે લખાયેલ છે તથા ચેક એકાઉન્ટ બ્લોકના કારણે પરત ફરેલ છે તથા ચેક પરત ફર્યા બાદ નોટિસ આપવામાં આવેલ છે અને તે નોટિસ આરોપીને મળી ગયેલ છે તે બાબતનો પુરાવો અદાલતના રેકર્ડ ઉપર રજુ કરવાની જવાબદારી ફરિયાદીની છે અને ફરિયાદી જયાં સુધી ઉપર મુજબની હકીકતો પુરવાર ન કરે ત્યાં સુધી અદાલત કલમ–૧૩૯ થી કરવામાં આવેલ જોગવાઈ

મુજબ ફરિયાદીની તરફેણમાં એટલે કે ચેકના ધારણ કરનારની તરફેણમાં અનુમાન કરી ના શકે અને જો ફરિયાદી એવું ઈચ્છતા હોય કે, અદાલત ફરિયાદીની તરફેણમાં કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરે તો ફરિયાદીએ કલમ–૧૩૮ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની હકીકતો પુરવાર કરવી જોઈએ. વધુમાં કલમ–૧૩૮ અન્વયેની શરૂઆતની હકીકતો જેવી કે ચેકનું એકઝીકયુશન, ફરિયાદી જ આવા ચેકના પેઈ કે હોલ્ડર ઈન ડયુ કોર્ષ છે જેવી હકીકત ફરિયાદી સાબિત કરે તો અદાલત આરોપી વિરૂધ્ધ કેટલાક અનુમાનો કરવાના રહે છે, જે અનુમાનો કાયદા ધવારા કરવામાં આવેલ અનુમાનો છે અને તે મુજબના અનુમાનો હોય, તે અનુમાનોનો ખંડન કરવાનો બોજો આરોપી પર રહેલ છે. જે અનુમાનનું ખંડન બચાવ પક્ષે પોતાને સંભવિત અને માની શકાય તેવા બચાવ રજુ કરી કરવાનો છે, પરંતુ તેવો કોઈ પુરાવો આ કામે આરોપી તરફે રજુ થયેલ નથી. બચાવ પક્ષે આવો બચાવ ફરિયાદ પક્ષના પુરાવા પરથી શંકા ઉત્પન્ન થાય તેવી હકીકત કે સંજોગો રેકર્ડ પર લાવી કરી શકે છે. આવો સંભવિત બચાવ રજુ કરવાનો અર્થ માત્ર સૂચનો કરવા તેવો થતો નથી પરંતુ સંભવિત બચાવ એવી રજુ થવો જોઈએ કે જેના આધારે સામાન્ય સમજણશકિત વાળો વ્યકિત તે બચાવને સંભવિત અને સામાન્ય રીતે માનવા યોગ્ય માની શકે તેમજ બચાવ પક્ષે જે સૂચન કરેલ હોય તેના સમર્થનમાં થોડા ઘણા અંશે પુરાવો રેકર્ડ પર આવેલ હોવો જોઈએ પરંતુ સમર્થન કરતા કોઈ આધાર પુરાવા સિવાયના માત્ર સૂચનોને પ્રોબેબલ ડીફેન્સ માની શકાય નહીં.

(૧૩) આમ, આરોપીએ ફરિયાદી પાસેથી હાથ ઉછીની રકમ મેળવેલ અને તે રકમની ચૂકવણી માટે આરોપીએ જવાબદારી સ્વીકારેલી અને તે માટે આરોપીએ યુનિયન બેંક ઓફ ઈન્ડીયા, સુખપુર શાાખનો ચેક નં. ૦૨૫૯૮૭, તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજનો રૂા.૩,૭૭,૦૦૦/– નો લખી આપેલ. સદરહુ ચેક ફરિયાદીએ બેંકમાં રજૂ કરતા તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજ

''એકાઉન્ટ બ્લોક'' ના શેરા સાથે રીર્ટન મેમો સાથે પરત ફરેલ છે. ફરિયાદીએ પોતાની આ હકીકતના સમર્થનમાં આંક–૧૩ અને ૧૪ થી રજૂ રાખેલ ચેક અને ચેક રીટર્ન મેમો જોવામાં આવે તો ફરિયાદ હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે. આમ, ઉપરોકત ફરિયાદી બેંકના અધિકૃત અધિકારીનો મૌખિક પુરાવો તથા રજૂ રાખેલ દસ્તાવેજી પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ ફરિયાદ લાવતા પૂર્વે આ અધિનિયમની કલમ–૧૩૮(એ), (બી), (સી) ની જોગવાઈઓનું પાલન કરવું ફરિયાદી માટે ફરજીયાત છે. કલમ–૧૩૮(એ) અંગે વિચારણા કરીએ તો ફરિયાદ પક્ષે આંક–૧૩ થી જે ચેક રજૂ કરેલ છે, તે ચેક તા.૨૬/૧૧/૨૦૨૧ નો છે, તે ચેક સ્વીકૃતિ માટે ફરિયાદીએ જમા કરાવેલ છે તે ચેક ''એકાઉન્ટ બ્લોક'' ના શેરા સાથે તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજ પરત ફરેલ છે. આમ, ચેક લખ્યાની તારીખથી છ માસમાં ચેક સ્વીકૃતિ માટે રજૂ કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(એ) ની જરૂરીયાતોનું પાલન થયેલ છે. આરોપી ધ્વારા અપાયેલ ચેક ફરિયાદી ધ્વારા બેન્કમાં રજૂ કરતા, એકાઉન્ટ સ્ટોપના શેરા સાથે પરત આવેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૧૪) વધુમાં આરોપીએ આપેલ ચેક પરત થતા આરોપીને એડવોકેટ મારફત તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ લીગલ નોટિસ રજી.એ.ડી.થી મોકલેલ. જે નોટિસની સ્થળપ્રત આંક–૧૫ થી રજૂ રાખેલ છે. સદરહુ નોટિસ જોવામાં આવે તો ફરિયાદીએ તેમના એડવોકેટ મારફત તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ આરોપીને આપવામાં આવેલ છે અને આંક–૧૬ થી રજૂ રાખેલ રજી.એ.ડી.ની પોસ્ટલ વિન્ડો સ્લીપ જોવામાં આવે તો તે તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજની છે અને આંક–૧૭ થી રજૂ રાખેલ પોસ્ટલ એકનોલેઝમેન્ટ સ્લીપ જોવામાં આવે તો આરોપીને તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ મળી ગયેલ છે. સદરહુ નોટિસ બજી જવા છતાં નોટિસ મુજબ કોઈ અમલ કરેલ નથી કે ચેક મુજબના કોઈપણ

નાણાં આપેલા નથી. જેથી નોટિસ ફરિયાદી ધ્વારા મોકલવામાં આવેલ હોવાનું અને આરોપીને નોટિસની યોગ્ય રીતે બજવણી થયાનું અને ત્યારબાદ નિયત સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરેલ હોવાનું માની શકાય તેમ છે. જેથી ફરિયાદ પક્ષ તરફથી સદરહુ કામે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮(એ), (બી) અને (સી) નું સ્પષ્ટપણે પાલન થયેલ છે. આમ, ફરિયાદીનું આ કામના આરોપી પાસેથી કાયદેસરનું નીકળતું લેણું હોવાની હકીકત પુરવાર થાય છે અને તેથી સદરહુ ચેક કાયદેસર રીતે વસૂલી શકાય તેવા દેવા અથવા જવાબદારીની સંપૂર્ણ કે અંશત: ચૂકવણા માટે આરોપી ધ્વારા ચેક આપેલ હોવાની હકીકત પુરવાર થયેલ છે તેમજ ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટિસ આપેલ હોવા છતાં, તે નોટિસ બજી ગયેલ હોવા છતાં સમય મર્યાદામાં તે રકમ ના ચૂકવી આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો કરેલ હોવાનું સાબિત થાય છે. જેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે આ કામના આરોપી **અયાઝ હુસેનભાઈ લાખાણી,** રહે. જૂનાગઢ વાળાને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાહિત કૃત્ય માટે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સજા માટે સાંભળવા કામ મુલત્વી.

આ હુકમ આજ તારીખ **૩૧મી** માહે **ડિસેમ્બર,** સને **૨૦૨૫** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૩૧/૧૨/૨૦૨૫.

(અવિનાશ કમલભાઈ ભટ્ટ)
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ. **(GJ-00862)**

સજા બાબતે પક્ષકારોને સાંભળ્યા.

(૧૫) આરોપીના વિ.વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના આરોપી કુટુંબ કબીલા વાળા છે અને તેઓ પર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. આરોપી વેપારી માણસ છે. ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. જેથી પ્રોબેશનનો લાભ આપવા અથવા ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૧૬) ફરિયાદી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલી છે કે, આરોપી વિરૂધ્ધ આક્ષેપિત હાલનો ગુનો પુરવાર થયેલ હોય જેથી સમાજમાં દાખલો બેસાડવા કાયદામાં ઠરાવેલી મહતમ સજા કરવી જોઈએ.

(૧૭) આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા આરોપીને જયારે તકસીરવાન ઠરાવવામાં આવે છે ત્યારે તેઓને કેટલી સજા કરવી તે પ્રશ્ન વિચારણામાં લેવાનો રહે છે, સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલતો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચૂકાદાઓ ઉપલબ્ધ છે, જે મુજબ સજા અત્યંત હળવી ના હોવી જોઈએ તેમજ સાથો સાથ અત્યંત કઠોર પણ ના હોવી જોઈએ. વધુમાં ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, તેનો સામાજીક દરજજો, તે કયા સમાજમાંથી આવે છે તે અંગેનું બેકગ્રાઉન્ડ વિગેરે ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસલેચરનો હેતુ કામકાજ તેના નિયમોનુસાર અને કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક, પ્રોમીસરી નોટ, વિગેરેનો સમાવેશ થાય છે તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહુ આરોપીએ કાયદેસરના દેવાની ચૂકવણી અર્થે ચેક આપેલો છે, જે ચેક અપુરતા

ભંડોળના કારણસર પરત ફરેલ છે, તેથી સદરહુ કાયદાનો હેતુ ઘ્યાને લેતા, આવા કેસમાં આરોપી પ્રત્યે દયા રાખવી ના જોઈએ અને સમાજમાં ખાસ દાખલો બેસે અને લોકોનો વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનું છું, કારણ કે કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળના ધારાસભાના ઈરાદાને અસરકારક બનાવવો એ અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ન આવે તો લોકોનો બેન્કીંગ વ્યવસ્થામાંથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકનો બેફામ દુરૂપયોગ કરતા અટકશે નહીં અને તે કારણસર ભારતીય અર્થતંત્ર કે જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય અને તેથી તે બધી હકીકતો ઘ્યાને લેતા તેમજ ઈકોનોમીક ઓફેન્સ હોય જેથી આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી. વધુમાં નામદાર સુપ્રીમ કોર્ટના આર. વિજયન વિરૂઘ્ઘ બાબી વિગેરેના ૨૦૧૨(૨) જી.એલ.આર. પાના નં.૧૩૫૩ ના ચૂકાદામાં તથા એ.આઈ.આર. ૨૦૧૫ (સુ.કો.) ૨૫૭૯ મેન્નુદિન અબ્દુલસતાર શેખ વિરૂઘ્ઘ વિજય ડી. સાલ્વીના ચૂકાદામાં ઠરાવેલ સજા બાબતના માર્ગદર્શક સિઘ્ધાંતોને ઘ્યાને લેતા હાલના આરોપી ઘ્વારા ફરિયાદીની લેણી રકમ ભરપાઈ કરેલ નથી. આમ, કાયદેસરની લેણી રકમ ચૂકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે જેવા સંજોગોને ઘ્યાને લેતા આ કામે કાયદાની પ્રસ્થાપિત મહતમ કેદની સજા કરવી ન્યાયોચિત જણાય આવે છે. સબબ આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા ફરિયાદીને ચેકની દોઢી રકમ જેટલું વળતર ચૂકવી આપે તે મતલબનો હુકમ કરવાની ન્યાયનું હિત જળવાશે તેમ અમારૂં માનવું હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે. જેથી મુદા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

(૧) આ કામના આરોપી **અયાઝ હુસેનભાઈ લાખાણી,** રહેવાસી : જૂનાગઢ વાળાને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી **એક વર્ષની સાદી કેદની સજા** ફરમાવવામાં આવે છે.

(૨) વધુમાં આ કામે એવો પણ હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ ચેકથી દોઢી રકમ ફરિયાદીને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૫૭(૩) હેઠળ વળતર પેટે ચૂકવી આપવી અને આરોપી સદર વળતરની રકમ ચૂકવવામાં કસૂર કરે તો આરોપીને વધુ ૨(બે) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૩૬૩(૧) અન્વયે સદરહુ ચૂકાદાની નકલ આરોપીને વિનામૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી કાચા કામના કેદી તરીકે જેટલો સમય જેલમાં રહેલ હોય તેટલો સમય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૪૨૮ મુજબ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૩૧મી** માહે **ડિસેમ્બર**, સને **૨૦૨૫** ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ,
તારીખ : ૩૧/૧૨/૨૦૨૫.

(અવિનાશ કમલભાઈ ભટ્ટ)
અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
જૂનાગઢ.
(GJ-00862)